**મે. હારીજના સિવીલ જજ અને જયુડી. મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં, મુકામ– હારીજ.**

| | |
|---|---|
| ચુકાદાની તારીખ | ૦૫/૦૮/૨૦૨૬ |
| ફોજદારી કેસ નંબર | ૬૫૨/૨૦૨૪ |
| આંક | ૬૫ |
| ગુન્હાની કલમ | ધી પ્રોહી એક્ટ કલમ– ૬૫(એ)(ઇ), ૧૧૬(બી), ૮૧, ૮૩, ૯૮(૨) મુજબ. |
| ફરિયાદી | શ્રી સરકાર (હારીજ પોલીસ સ્ટેશન ગુના રજીસ્ટર નંબર ૧૨૧૭૦૦૯૨૪૦૦૬૯/૨૦૨૪). |
| ફરીયાદી તરફે વિ..એ.પી.પી.શ્રી | વી.સી.ચૌહાણ. |
| આરોપીઓ | (૧) ઠાકોર હેતુજી ઉર્ફે રોબોટ કનુજી,<br>રહેવાસી :– હારીજ, જનતા પેટ્રોલપંપ પાછળ, તા.હારીજ, જી.પાટણ.<br>(૨) ઠાકોર દિનેશજી ઉર્ફે લાલો અનીલજી ગાંડાજી, રહેવાસી –બોરતવાડા, તા.હારીજ, જી.પાટણ. |
| આરોપી નં. ૧ તરફે વિ.વ. શ્રી | જે.બી.ઠાકર. |
| આરોપી નં. ૨ તરફે વિ.વ. શ્રી | વી.એસ.ચૌધરી. |

| | |
|---|---|
| ફરિયાદ દાખલ તારીખ | ૦૮/૦૨/૨૦૨૪ |

| | |
|---|---|
| ચાર્જશીટ દાખલ તારીખ | ૨૫/૦૬/૨૦૨૪ |
| આરોપીઓના જવાબ ની તારીખ | ૩૧/૦૮/૨૦૨૪ |
| પુરાવો શરુ થયાની તારીખ | ૨૬/૦૯/૨૦૨૪ |
| હુકમ માટે રાખ્યાની તારીખ | ૦૫/૦૮/૨૦૨૬ |
| ચુકાદા ની તારીખ | ૦૫/૦૮/૨૦૨૬ |
| સજા કર્યાની તારીખ | નિર્દોષ. |

**<u>આરોપીની માહિતી –</u>**

| **અનુ. નં.** | **આરોપીનું નામ** | **ધરપકડ ની તારીખ** | **જામીન મુક્તિ તારીખ** | **તહોમત** | **શું નિર્દોષ છોડ્યું/ સજા કરી** | **સુનાવણી દરમિયાન અટકાયત નો સમય ગાળો ફોજદારી કાર્યરીતી સંહિતા ની કલમ ૪૨૮ મુજબ.** |
|---|---|---|---|---|---|---|
| ૦૧ થી ૦૨ | (૧) ઠાકોર હેતુજી ઉર્ફે રોબોટ કનુજી,<br>(૨) ઠાકોર દિનેશજી ઉર્ફે લાલો અનીલજી ગાંડાજી, | – | – | ધી પ્રોહી એક્ટ કલમ– ૬૫(એ)(ઇ), ૧૧૬(બી),૮૧, ૮૩, ૯૮(૨) મુજબ. | – | – |

**ફરીયાદી /બચાવ / ન્યાયાલયના સાક્ષી ની યાદી :–**

(અ). ફરિયાદ પક્ષ :–

| અનુક્રમ નંબર | આંક નંબર | નામ | વિગત |
|---|---|---|---|
| ૧ | ૧૨ | કુલદીપકુમાર લક્ષ્મીદાસ | ફરીયાદી/ ત.ક.અ. |
| ૨ | ૨૮ | હરપાલસિંહ મહિપતસિંહ ઝાલા | પંચ સાહેદ |
| ૩ | ૩૯ | હસમુખસિંહ અમરાભાઇ | સાહેદ. |
| ૪ | ૬૩ | રમેશભાઇ કમાભાઇ | સાહેદ. |

**(અ) ફરિયાદ પક્ષે દસ્તાવેજી પુરાવા :–**

| અનુક્રમ નંબર | આંક નંબર | વિગતો |
|---|---|---|
| ૦૧ | ૧૩ | ગુનાની ફરીયાદ. |
| ૦૨ | ૧૪ | ડેપ્યુટ હુકમ. |
| ૦૩ | ૧૫ | રવાનગી નોંધ. |
| ૦૪ | ૨૯ | મુદ્દામાલ કબજે કર્યાનું પંચનામું. |
| ૦૫ | ૬૪ | ગુનો રજીસ્ટર કરવાનો રીપોર્ટ. |

**ફરીયાદી /બચાવ /ન્યાયાલય ના સાક્ષી ની યાદી :–**

**(બ) બચાવ પક્ષ :–**

| અનુક્રમ નંબર | આંક નંબર | નામ | વિગત |
|---|---|---|---|
| | | | |

**(બ) બચાવ પક્ષે દસ્તાવેજી પુરાવા :–**

J.M.F.C. COURT, HARIJ

| અનુક્રમ નંબર | આંક નંબર | વિગતો |
|---|---|---|
| | | |

**/ જજમેન્ટ /**

**(૧).** ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ તારીખ ૦૮/૦૨/૨૦૨૪ ના કલાક ૪/૪૫ થી ૬/૦૦ દરમ્યાન ગુજરાતમાં દારૂબંધી હોવાનું જાણવા છતાં અંગ્રેજી દારૂ ઘુસાડવાનું ગુનાહીત કાવતરુ રચી ગેરકાયદેસર રીતે બોરતવાડા ગામે આવેલ ગોવિંદજી ઠાકોરના ભોગવટાના વાડામાં આવેલ છાપરામાં ભારતીય બનાવટની વિદેશી દારૂ સ્થળ ઉપર મુકી હાજર મળી ન આવી, આ કામના આરોપીઓએ પ્રોહીબીશન એકટની કલમ-૬૫(એ)(ઇ), ૧૧૬(બી), ૮૧, ૮૩, ૯૮(૨) મુજબનો ગુનો કરેલ છે જે બાબતની ફરિયાદ ફરિયાદીએ હારીજ પો.સ્ટે. માં ગુના રજીસ્ટર નં. ૧૧૨૧૭૦૦ ૯૨૪૦૦૬૯/૨૦૨૪ થી જાહેર કરેલ છે. ત્યાર બાદ તપાસના અંતે તપાસ કરનાર અધિકારીએ આંક- ૦૧ મુજબનું ચાર્જશીટ મહેરબાન જયુડી.મેજી.ફ.ક.કોર્ટ હારીજમાં દાખલ કરેલ જે ચાર્જશીટ રજીસ્ટરે લીધા બાદ અત્રેની કોર્ટમાં સદરહું કેસ કાયદેસરની કાર્યવાહી માટે આવેલ છે.

**(૨).** માનનીય નામદાર ગુજરાત હાઇકોર્ટ દ્વારા R/ Criminal Misc. Application No. 8892/2018 ના ચુકાદામાં પેરા નં. ૧૦ માં એવું ઠરાવવામાં આવેલ છે કે, "The result of above discussion is that (01) by repeal of section 115, the Magistrate is not denuded of his jurisdiction to try the case " ને ધ્યાને રાખી આરોપીઓ વિરુધ્ધ આક્ષેપિત ગુના સબંધિત ઈન્સાફી કાર્યવાહી ચલાવવામાં આવેલ છે. ચાર્જશીટ બાદ આરોપીઓને નિયમોનુસાર સમન્સની બજવણી કરતાં, આરોપીઓ અદાલતમાં હાજર થયેલ છે. આરોપીઓને બી.એન.એસ.એસ. ની કલમ-૨૩૦ મુજબ તપાસના કાગળોની નકલો

વિના મુલ્યે પુરી પાડેલ છે અને ગુના વિષે સમજ કરી આંક–૦૬ થી આરોપીઓ વિરુધ્ધ તહોમતનામું ફરમાવેલ છે અને આંક –૦૭ તથા આંક–૦૮ થી આરોપીઓની પ્લી નોંધતા આરોપીઓ ધ્વારા ગુનો કર્યાનો ઈન્કાર કરેલ છે.

(૩). આ કામમાં ફરિયાદપક્ષ તરફથી ઉપરોકત મુજબના પુરાવા રજુ થયેલ છે.

(૪). બી.એન.એસ.એસ. ની કલમ– ૩૫૧ મુજબ આરોપીઓનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે જેમાં તેઓએ ફરીયાદ પક્ષના કેસની મહત્વની તમામ હકિકતોનો ઈન્કાર કરેલ છે અને વિશેષમાં તેમની સામે ખોટો કેસ કરેલાનું જણાવે છે. ત્યાર બંન્ને પક્ષકારોની દલીલો સાંભળી.

(૫). આ કેસના નિર્ણય માટે તેમની સમક્ષ નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થયેલ છે.

મુદ્દા નં. ૦૧. શું ફરિયાદ પક્ષ નિશંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ તારીખ ૦૮/૦૨/૨૦૨૪ ના કલાક ૪/૪૫ થી ૬/૦૦ દરમ્યાન ગુજરાતમાં દારૂબંધી હોવાનું જાણવા છતાં અંગ્રેજી દારૂ ઘુસાડવાનું ગુનાહીત કાવતરુ રચી ગેરકાયદેસર રીતે બોરતવાડા ગામે આવેલ ગોવિંદજી ઠાકોરના ભોગવટાના વાડામાં આવેલ છાપરામાં ભારતીય બનાવટની વિદેશી દારૂ સ્થળ ઉપર મુકી હાજર મળી ન આવી, પ્રોહીબીશન એકટની કલમ–૬૫(એ)(ઇ), ૧૧૬(બી), ૮૧, ૮૩, ૯૮(૨) મુજબનો ગુનો કરેલ છે ?

મુદ્દા નં. ૦૨ શું હુકમ ?

(૬). ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણય માટેના કારણો નીચે મુજબ છે.

મુદ્દા નં. ૦૧ નકારાત્મક.

મુદ્દા નં. ૦૨ આખરી હુકમ મુજબ.

મુદ્દા નં. ૦૧ અને ૦૨ માટેના મારા નિર્ણય માટેના કારણો નીચે મુજબ છે :–

(૭). ફરિયાદ પક્ષ તરફે આંક–૨૮ થી પંચ સાહેદ હરપાલસિંહ મહિપતસિંહ ઝાલા નાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. સદરહું પંચ સાહેદ તેમની સરતપાસમાં એવું જણાવેલ છે કે તૈયાર પંચનામામાં સહી કરેલ હોવાનું અને પંચનામું વાંચેલ નહી હોવાનું જણાવેલ છે. વિધ્વાન એ.પી.પી.શ્રી. ની વિનંતી થી સદરહું પંચ સાહેદને ફરી ગયેલા/ હોસ્ટાઈલ જાહેર કરી ઉલટ તપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી આપવામાં આવેલ હોવા છતા તેમના પ્રશ્નોથી ફરીયાદપક્ષને મદદરૂપ થાય તેવી કોઈ હકીકત નિ:શંકપણે સાબિત થયેલ માની શકાય નહી. આમ, પોલીસની કાર્યવાહીને પંચોની જુબાનીથી સમર્થન પ્રાપ્ત થતુ નથી. આમ, ફરિયાદ પક્ષ ગુન્હાવાળી જગ્યાનું પંચનામું પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે.

(૮). ફરિયાદપક્ષે રજુ થયેલ પુરાવાનુ મુલ્યાંકન કરતા ફરિયાદપક્ષના કેસના અનુસાર જે પણ સાહેદોની હાજરીમાં વિદેશી દારૂ કબજે કરેલ હોવાનું કથન થયેલ છે તે પંચસાહેદ ઉપરોકત ચર્ચા કરી તેમ મુજબ આંક–૨૯ થી રજુ પંચનામાની વિગતને લેશમાત્ર સમર્થન આપેલ નથી. ત્યારે પંચનામાની વિગતો અનુસાર ગુનો બનેલ હોવાનું શંકાસ્પદ બની જાય છે. તથા આંક – ૧૨ થી ફરીયાદી/ ત.ક.અ. કુલદીપકુમાર લક્ષ્મીદાસ નાઓને, તથા સાહેદ હસમુખસિંહ અમરાભાઇ નાઓને આંક–૩૯ થી તથા આંક–૬૩ થી સાહેદ રમેશભાઈ કમાભાઈ નાઓને સોંગદ ઉપર તપાસેલ છે અને તેમને આરોપીઓ વિરુધ્ધ ફરિયાદ આપેલી અને ચાર્જશીટ કરેલ. પરંતુ, આ કામે તપાસેલ ફરીયાદી તથા સાહેદો પોતાની ઉલટતપાસમાં એ વાત કબુલ રાખેલ છે કે, કહેવાતા બનાવવાળી જગ્યાએથી આરોપીઓને પકડેલ હોય તેવુ બનેલ નથી, બનાવ વખતે અંધારુ હતુ, બનાવવાળી જગ્યાની આજુબાજુ રહેણાંક

મકાનો આવેલા છે, બનાવ વાળી જગ્યાએ રાહદારી રસ્તો આવેલ છે, ફરીયાદીએ આ કામે ફરીયાદ પણ આપેલ છે અને તપાસ પણ તેઓએ કરેલ છે . જેથી બનાવની હકિકતો શંકાસ્પદ બની જાય છે. ફોજદારી ન્યાય પ્રણાલી મુજબ ફરિયાદપક્ષના કેસમાં શંકા ઉપસ્થિત થાય તો શંકાનો લાભ આરોપીને મળે છે. આ કામે રજુ થયેલ પંચનામાની વિગત પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે. વધુમાં નામદાર સર્વોચ્ચ અદાલતે સતીશ મહેરા વિરુધ્ધ એડમીનીસ્ટેશન ૧૯૯૬ (વોલ−૩) ક્રાઈમ્સ સુપ્રિમ કોર્ટના પાના નં. ૮૫ ના ચુકાદામાં ઠરાવેલ સિધ્ધાંત મુજબ જયારે ફરિયાદપક્ષ ધ્વારા રજુ કરવામાં આવેલ પુરાવા ઉપર થી અન્ય પુરાવો નોંધવો યોગ્ય અને જરૂરી નાં જણાતું હોઈ તો તેવા સંજોગોમાં અદાલતનો કીંમતી સમય વેડફવો જોઈએ નહી.

(૯). વધુમાં આ કામે **Shivaji Sahebrao Bobade Anr v State Of** 1973 2622 **MaharashtraAIR SC, Doctrine of Benefit of Doubt**:−

**In order to understand the concept of benefit of doubt it is always wise to understand when such a benefit is given to the accused person in any criminal trial because as per one of the three cardinal principles of criminal jurisprudence a person accused of a criminal charge is always assumed to be innocent until he is proven guilty by the prosecution beyond reasonable doubt, Thus the primary responsibility to prove the guilt of the accused is cast upon the prosecution because it is the prosecution who has set the criminal law into. motion by lodging an FIR against the accused person, Therefore this primary responsibility which is known burden of proof in legal parlance is required to be understood.**

**(૧૦).** ક્રિમિનલ કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંતો મુજબ આરોપી વિરુધ્ધ મુકવામાં આવેલ આક્ષેપો ફરીયાદ પક્ષે નિ:શંકપણે પુરવાર કરવા જોઈએ પરંતુ આ કેસમાં ફરિયાદ પક્ષ તેમ કરવામાં સફળ થયેલ ના હોઈ આરોપીને તકસીરવાન કરાવવા યોગ્ય જણાતું નથી. આમ, ઉપરોકત કરેલ ચર્ચા મુજબ આરોપીને તેમના વિરુધ્ધ મુકવામાં આવેલ તહોમતમાંથી છોડી મુકવા યોગ્ય અને ન્યાયિક જણાય છે. જેથી મુદ્દા નં. ૧ નો જવાબ નકારમાં આપું છું. મુદ્દા નં. ૨ અન્વયે છેવટનો હુકમ નિચેની વિગતે કરું છું.

***– // આખરી હુકમ //–***

➔ બી.એન.એસ.એસ.ની કલમ–૨૭૧(૧) અન્વયે આરોપીઓ નામે (૧) ઠાકોર હેતુજી ઉર્ફે રોબોટ કનુજી, રહેવાસી :– હારીજ, જનતા પેટ્રોલપંપ પાછળ, તા.હારીજ, જી.પાટણ, (૨) ઠાકોર દિનેશજી ઉર્ફે લાલો અનીલજી ગાંડાજી, રહેવાસી –બોરતવાડા, તા.હારીજ, જી.પાટણ વાળા નાઓને ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–૬૫(એ)(ઈ), ૧૧૬(બી), ૮૧, ૮૩, ૯૮(૨) મુજબના શિક્ષા પાત્ર ગુનામાંથી પુરાવાના અભાવે શંકાનો લાભ આપી નિર્દોષ છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

➔ આ કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ દારૂનો અપીલ સમય બાદ નિયમોનુસાર નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે. તેમજ મુદ્દામાલ વાહન અંગે વચગાળાનો કોઈ હુકમ કરવામાં આવેલ હોય તો તે હુકમ આથી યથાવત રાખવાનો હુકમ કરવામાં આવે છે અને જો આવો કોઈ વચગાળાનો હુકમ કરવામાં આવેલ ન હોય તો તે મુદ્દામાલ તેના અસલ માલિકને યોગ્ય તે વેરિફિકેશન કર્યા બાદ પરત કરવાનો હુકમ કરવામાં આવે છે.

➔ આરોપીઓએ બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૧ મુજબના

રૂા.૫,૦૦૦/– ના અપીલ જામીન આપવા.

હુકમ આજ તારીખ ૦૫ મી, માહે–ઓગષ્ટ, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી સહી કરી જાહેર કરવામાં આવ્યો.

તા.૦૫/૦૮/૨૦૨૬ (મિતલબેન દિલીપસિંહ જાદવ)
સ્થળ– હારીજ જ્યુડી.મેજી. ફ.ક. હારીજ,
કોડ નં. જી.જે.૦૧૭૪૬

એલ કે પરમાર, સ્ટેનો